RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 287, Dt.23-01-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોના-ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ૨.૫ ટકાનો વધારો




## ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૨.૫ ટકાથી વધારીને ૧૫ ટકા કરાઈઃ બજેટ પહેલાં જ નાણાં મંત્રાલય દ્વારા લેવાયો મહત્વનો નિર્ણયઃ ૧૦ ટકા બેઝિક કસ્ટમ ડ્યૂટી અને પાંચ ટકા એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ સેસ સામેલ હશેઃ નવો દર ગઈકાલથી જ લાગુ કરી દેવાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોના-ચાંદીની ખરીદી કરતા લોકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. નાણા મંત્રાલયે બજેટ પહેલા જ સોના-ચાંદી પરની ઈમ્પોર્ટ ડ્યૂટી વધારી દીધી છે અને તેને ૧૨.૫૦%થી વધારીને ૧૫% કરી દીધી છે. આ ઉપરાંત કિંમતી ધાતુના સિક્કા પરની કસ્ટમ ડ્યૂટીમાં વધારો કરી દીધો છે.

સોના-ચાંદીના ઈમ્પોર્ટ પર ડ્યૂટી વધારીને ૧૫% કરી દેવામાં આવી છે, જેમાં ૧૦% બેઝિક કસ્ટમ ડ્યૂટી હશે અને ૫% એગ્રીકલ્ચર ઈન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેસ સામેલ છે. જો કે તેના પર લાગતા સોશિયલ વેલફેયર સેસ માં કોઈ વધારો નથી કરવામાં આવ્યો.

સોના-ચાંદી સાથે સબંધિત નાના કમ્પોનેન્ટ જેવા કે, હુક, ક્લેસ્પ, ક્લેમ્પ, પિન, કેચ અને સ્ક્રૂ ઉપર આ ડ્યૂટી વધી છે. આ નાના કમ્પોનન્ટ ખાસ કરીને ઘરેણાંને પૂર્ણ અથવા કોઈ ભાગને હોલ્ડ કરવામાં માટે ઉપયોગમાં લેવાય છે.

પ્રેશિયસ મેટલ્સ કેટાલિસ્ટ ઉપર લાગતી ઈમ્પોર્ટ ડ્યૂટીમાં પણ વધારો કરવામાં આવ્યો છે અને તેને વધારીને ૧૪.૩૫% કરી દેવામાં આવી છે. તેમાં ૧૦%ની બેઝિક કસ્ટમ ડ્યૂટી અને ૪.૩૫%ની AIDC લાગશે. તેના પર સોશિયલ વેલફેર સેસ લાગશે.

ઈમ્પોર્ટ ડ્યૂટીના નવો દર ૨૨ જાન્યુઆરી એટલે કે, ગઈકાલથી જ લાગુ થઈ ચૂક્યો છે. દેશનું બજેટ આવવામાં હવે ૮ દિવસ બાકી છે અને તે બજેટ ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રજૂ કરવામાં આવશે. નાણા મંત્રાલયે બજેટમાં તેની જાહેરાત કરવાને બદલે ૨૨ જાન્યુઆરીથી જ તેનો તેને લાગુ કરી દીધી છે.

કેન્દ્ર સરકારે આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે સોના-ચાંદીના રો ઈમ્પોર્ટ અને ગોલ્ડ-સિલ્વરના કમ્પોનેન્ટ્સ પર લાગતી ઈમ્પોર્ટ ડ્યૂટીમાં સંતુલન ન હતું અને તેનો યોગ્ય રીતે ઉપયોગ નહોતો થઈ રહ્યો. હવે આ ઈમ્પોર્ટ ડ્યૂટીમાં સંતુલિત બનાવવા માટે નાણા મંત્રાલય દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરની દર વર્ષે પાંચ કરોડ ભક્તો મુલાકાત લેશેઃ ઉત્તર પ્રદેશને મુખ્ય પ્રવાસી કેન્દ્ર તરીકે વિકસિત કરાશે

### ઈન્ડીયન હોટલે અયોધ્યામાં ત્રીજી હોટલ ખોલવા માટેની જાહેરાત કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યામાં રામ મંદિરના ભવ્ય ઉદ્દઘાટનથી દર વર્ષે ઓછામાં ઓછા પાંચ કરોડ પ્રવાસીઓ શહેરમાં આવે તેવી અપેક્ષા છે. આ સંખ્યા સુવર્ણ મંદિર અને તિરૂપતિ મંદિરની મુલાકાત લેનારા ભક્તોની સંખ્યા કરતા ઘણી વધારે છે.

એક અહેવાલમાં અનુમાન લગાવ્યું છે કે, એરપોર્ટ જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા પાયે ખર્ચ કરવાથી, ઉત્તર પ્રદેશનું આ શહેર એક મુખ્ય પ્રવાસી કેન્દ્ર તરીકે વિકસિત થશે. રિપોર્ટ અનુસાર, નવું એરપોર્ટ, વિસ્તૃત રેલ્વે સ્ટેશન, રહેણાંક યોજનાઓ અને સારી રોડ કનેક્ટિવિટી સાથે નવી હોટેલો અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓ દર વર્ષે પાંચ કરોડથી વધુ પ્રવાસીઓને આકર્ષી શકે છે.



એક અંદાજ મુજબ, દર વર્ષે ૩-૩.૫ કરોડ લોકો અમૃતસરના સુવર્ણ મંદિરની મુલાકાત લે છે, જ્યારે ૨.૫-૩ કરોડ લોકો તિરુપતિ મંદિરની મુલાકાત લે છે. વૈશ્વિક સ્તરે, વેટિકન સિટી દર વર્ષે અંદાજે ૯ મિલિયન પ્રવાસીઓ મેળવે છે અને સાઉદી અરેબિયામાં મક્કામાં દર વર્ષે અંદાજે ૨૦ મિલિયન પ્રવાસીઓ આવે છે. ધાર્મિક પર્યટન હજુ પણ ભારતમાં પ્રવાસનનો સૌથી મોટો વિભાગ છે.

ઈન્ડિયન હોટેલ્સે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ત્રીજી હોટેલ ખોલવા માટે કરારની જાહેરાત કરી. ૧.૩ એકરમાં ફેલાયેલી, ૧૫૦ રૂમની હોટલને ઈન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ સિલેકશન હોટેલ તરીકે બ્રાન્ડેડ કરવામાં આવશે, તેમ હોટેલ જૂથે જણાવ્યું હતું.

## ભારતીય શેરબજાર વિશ્વનું ચોથુ સૌથી મોટુ માર્કેટ બન્યું

### ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ૪.૩૩ ટ્રીલીયન ડોલર પહોંચ્યું

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રેકોર્ડબ્રેક તેજીના દોરમાં રહેતા ભારતીય શેરબજારે નવુ સિમાચીન્હરૂપ સ્થાપ્યુ છે. માર્કેટ કેપમાં અબજો રૂપિયાના વધારા સાથે હવે હોંગકોંગને પાછળ છોડીને દુનિયાનું ચોથા નંબરનું સૌથી મોટુ શેરબજાર બની ગયુ હતું.

અત્યાર સુધી ૪.૨૯ ટ્રીલીયન ડોલર સાથે માર્કેટ કેપમાં ચોથા સ્થાને રહેલુ હોંગકોંગ ભારતથી પાછળ સરકયુ છે. ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ૪.૩૩ ટીલીયન ઢોલરને વટાવી ગયુ છે અને આ સાથે વિશ્વમાં ચોથા સ્થાને પહોંચ્યુ છે.ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ૫ ડીસેમ્બરે સૌ પ્રથમ વખત જ ટ્રીલીયન ડોલરને આંબ્યુ હતું અને ત્યારપછી સતત વૃધ્ધિ થઈ રહી છે. માર્કેટ કેપમાં અર્ધો અર્ધ વૃધ્ધિ છેલ્લા ચાર વર્ષમાં જ થઈ છે.




ભારતીય શેરબજારમાં કરોડોની સંખ્યામાં નવા ઈન્વેસ્ટરો ઉમેરાય રહ્યા છે. દુનિયાભરમાં ભારતીય અર્થતંત્રનો ડંકો છે કોર્પોરેટ વૃધ્ધિ દર પણ જબરજસ્ત છે.વિદેશી નાણા સંસ્થાઓ આર્થિક વિકાસ તથા રાજકીય સ્થિરતાને આગળ ધરીને જંગી રોકાણ ઠાલવે તેવી અટકળો છે. વિશ્વસ્તરે ભારતને ચીનના હરીફ તરીકે જોવામાં આવી રહ્યું છે.

ભારતીય શેરબજારમાં જબરજસ્ત તેજી સામે હોંગકોંગ માર્કેટમાં મંદી છે.ચીની કંપનીઓનું હોંગકોંગ માર્કેટમાં લીસ્ટીંગ છે. ચીનનું અર્થતંત્ર નબળુ પડયુ જ છે. કંપનીઓની કામગીરીને પણ અસર છે.કોર્પોરેટ ક્ષેત્ર પર સરકારની તવાઈ તથા ભૌગોલીક ટેન્શનનો કારણે પણ હોંગકોંગ માર્કેટ પર અસર છે.હોંગકોંગનું માર્કેટ કેપ ૨૦૨૧ માં ૬ ટ્રીલીયન ડોલરે પહોંચ્યુ હતું. ત્યાંથી મોટુ ગાબડુ પડયુ છે. નવી કંપનીઓનું લીસ્ટીંગ પણ અટકયુ છે.

ભારત સરકારે વિકસીત રાષ્ટ્ર માટેનો ટારગેટ તૈયાર કરવા સાથે આર્થિક વિકાસ માટે શ્રેણીબધ્ધ પગલા લીધા છે તેને કારણે ભારતીય શેરબજાર લાંબા ગાળાની તેજીમાં પ્રવેશ્યાનું મનાય છે.


## અયોધ્યાથી પરત ફર્યાની સાથે વડાપ્રધાન મોદીની મોટી જાહેરાત, સૂર્યોદય યોજનાની કરાશે શરૂઆત

### એક કરોડ ઘરો પર રૂફટોપ સોલાર લગાવવામાં આવશેઃ નરેન્દ્ર મોદી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યા રામ મંદિરમાં ભગવાન રામલલાની પ્રાણપ્રતિષ્ઠા પૂર્ણ કરી પરત ફર્યા બાદ મોટી જાહેરાત કરી છે. તેમણે 'પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના'ની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ એક કરોડ ઘરો પર રૂફટોપ સોલાર લગાવવામાં આવશે.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, સૂર્યવંશી ભગવાન શ્રી રામના પ્રકાશથી વિશ્વના તમામ ભક્તજનો ઉર્જા પ્રાપ્ત કરે છે. આજે અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠાના શુભ અવસરે મારો સંકલ્પ વધુ દ્રઢ બન્યો છે કે, ભારતીયોના ઘરો પર તેમનું પોતાનું સોલાર રૂપ ટોપ સિસ્ટમ હોય.




### આ યોજનાથી વીજ બિલ ઘટવાની સાથે ભારત ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે

તેમણે વધુમાં લખ્યું કે, અયોધ્યાથી પરત ફર્યા બાદ મેં પ્રથમ નિર્ણય કર્યો છે કે, અમારી સરકાર એક કરોડ ઘરો પર રૂફટોપ સોલાર લગાવવાના લક્ષ્ય સાથે 'પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના'નો પ્રારંભ કરશે. આ યોજનાથી ગરીબ અને મધ્યમ વર્ગનું વીજ બિલ ઘટવાની સાથે ભારત ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે.

## ભગવાન રામલલ્લાને ભારત સાથે સમગ્ર વિશ્વએ વધાવ્યું

### નેપાળના જાનકી મંદિરમાં એક લાખ દીવા પ્રગટાવવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગઈકાલે અયોધ્યાધામમાં શ્રી રામ લલા બિરાજમાન થયા હતા. વડાપ્રધાન મોદી હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ અવધમાં પ્રભુ શ્રી રામ બિરાજમાન થયા હતા. આ એક સુવર્ણ અને ઐતિહાસિક ક્ષણ છે. ભારતમાં તો પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી દિવાળી જેમ કરવામાં આવી હતી પરંતુ સાથોસાથ વિશ્વના અનેક દેશોમાં જય શ્રી રામ ના નારા લાગ્યા, દિવડા પ્રગટાવવામાં આવ્યા, રેલીઓ નીકળી, અને હર્ષોલ્લાસ સાથે લાગણીસભર ઉજવણી કરાઇ.

નેપાળના જનકપુરમાં જાનકી મંદિરને શણગારવામાં આવ્યું છે. અહીં એક લાખથી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. તે જ સમયે, ન્યૂયોર્કના ટાઇમ્સ સ્કવેરમાં પણ ઉજવણી કરાઇ હતી.



શ્રીલંકાના સીતા એલિયા મંદિરમાં ભગવાન રામના પ્રતિષ્ઠા પર પૂજા કરવામાં આવી હતી. એવું માનવામાં આવે છે કે આ એ જ જગ્યા છે જ્યાં રાવણે સીતા માતાનું અપહરણ કર્યા પછી તેમને ત્યાં રાખ્યા હતા. મંદિરમાં રામ ભજન પણ કરવામાં આવ્યા હતા. ત્યાં લોકો ભગવાન રામના ફોટા સાથે જય શ્રી રામના નારા લગાવી રહ્યા છે. ભારતમાં ઇઝરાયેલના રાજદૂત નાઓર ગિલોને હિન્દીમાં ટ્વીટ કરીને રામ મંદિરની શુભેચ્છા પાઠવી છે. અભિષેક પહેલા રવિવારે તાઈવાનના ઈસ્કોનમાં ભજન કીર્તન કરવામાં આવ્યું હતું.ન્યૂઝીલેન્ડના મંત્રી ડેવિડ સીમોરે જય શ્રી રામના નારા લગાવ્યા. તેમણે ગળામાં કેસરી ખેસ લપેટીને રામ મંદિર માટે સમગ્ર ભારતને અભિનંદન પાઠવ્યા હતા. ડેવિડે કહ્યું- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મંદિર ૫૦૦ વર્ષ પછી બન્યું છે, જે હજારો વર્ષ સુધી ચાલશે. હું રામ મંદિર જઈને દર્શન કરીશ.


ફ્રાંસની રાજધાની પેરિસમાં રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે રામભક્તોએ રેલી કાઢી હતી. પેરિસના મહત્વના વિસ્તારોમાંથી પસાર થઈને તે સાંજે એફિલ ટાવર પર પહોંચ્યો.

## WhatsApp પર હવે નવા અપડેટ આપવામાં આવી રહ્યા છેઃ ઓછા ખર્ચે ડેટા ટ્રાન્સફર કરી શકાશે

### હવે વોટ્સએપમાં મોટી સાઈઝવાળા ફોટોઝ અને વીડિયોને ટ્રાન્સફર કરવામાં બહુ જ ઓછો સમય લાગશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશ- વિદેશમાં સૌથી વધુ ઉપયોગ કરવામાં આવતી એપ વોટ્સએપમાં સમયાંતરે શાનદાર ફીચર સાથે નવા અપડેટ આપવામાં આવે છે. તાજેતરમાં વોટ્સએપ દ્વારા નવુ ફીચર લાવવામાં આવ્યું છે, જેમા વોટ્સએપમાં મોટી સાઈઝવાળા ફોટોઝ અને વીડિયોને ટ્રાન્સફર કરવામાં બહુ જ ઓછો સમય લાગશે. આ સાથે ડેટાનો વપરાશ પણ ઓછો થશે. આ એન્ડ્રોઈડ જેવુ એક ફીચર છે, જેને ગયફબિુ જ્વફયિ નામથી ઓળખવામાં આવે છે. આમા ડેટાની જગ્યાએ જો બે ડિવાઈસ નજીક - નજીક હોય તો તેમા ડેટા સરળતાથી ટ્રાન્સફર કરી શકાશે.



રિપોર્ટ પ્રમાણે આ અપકમિંગ ફાઇલ શેરિંગ ફીચર હાલમાં WhatsApp Beta Android 2.24.2.17 અપડેટમાં ઉપલબ્ધ છે. જેમા વોટ્સએપ પર ફાઈલ શેર કરવા અને રિસીવ કરવા માટે એક અલગથી ઓપ્શન હશે. તેમા સૌથી પહેલા તમારે ફાઈલ ટ્રાન્સફર રિક્વેસ્ટ જનરેટ કરવાની રહેશે. જેને કોન્ટેક્ટ લિસ્ટમાં સામેલ કોઈ યૂઝર્સને મોકલવાની રહેશે. ત્યાર બાદ તે યૂઝર્સને Request accept કરવાની રહેશે. ટેક્સ મેસેજ અને કોલની જેમ વોટ્સએપ ફાઈલ ટ્રાન્સફર એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્ટેડ હશે. આ સિવાય જો કોઈ વ્યક્તિ તમારા કોન્ટેક્ટ લિસ્ટમાં સામેલ નથી, તો તેને પણ આ નવા ફીચરની મદદથી ફાઈલ ટ્રાન્સફર કરી શકાશે. તેના માટે તમારે કોઈ અજાણ્યા વ્યક્તિનો કોન્ટેક્ટ નંબર સેવ કરવાની જરૂર નહી પડે.

## રામ મંદિરથી ફફડ્યું પાકિસ્તાન, ભારત વિરુદ્ધ ઝેર ઓકી ૨ રાજ્યના CM પર સાધ્યું નિશાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠાથી ફફડી ગયેલી પાકિસ્તાન સરકારે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. પાકિસ્તાન સરકારે રામ મંદિર ઉદ્દઘાટનને ભારતમાં વધી રહેલા બહુમતીવાદનો સંકેત કહ્યો છે. રામલલાની મૂર્તિની સ્થાપના કર્યા બાદ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે સોમવારે નિવેદન જારી કરી બાબરી મસ્જિદની જગ્યાએ રામ મંદિરનું ઉદ્દઘાટનની કડક શબ્દોમાં નિંદા કરી છે.

પાકિસ્તાને કહ્યું કે, '૧૯૯૨ની છઠ્ઠી ડિસેમ્બરે ભીડે દાયકાઓ જૂની મસ્જિદને ધ્વસ્ત કરી દીધી હતી. ભારતની સૌથી મોટી અદાલતે આ કેસમાં જવાબદાર લોકોને નિર્દોષ છોડી મૂક્યા ઉપરાંત તે જ સ્થળે રામ મંદિર બનાવવાની મંજૂરી પણ આપી દીધી, જે નિંદનિય છે. ૩૧ વર્ષથી ચાલી રહેલા આ ઘટનાક્રમનું પરિણામ રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા છે અને આ બાબત ભારતમાં વધી રહેલા બહુમતીવાદના સંકેત છે. ભારતીય મુસ્લિમોને સામાજિક, આર્થિક અને રાજકીય રીતે હાંસિયામાં ધકેલવાના પ્રયાસોનું આ એક મહત્વપૂર્ણ પાસું છે.



તેણે કહ્યું કે, ધ્વસ્ત મસ્જિદની જગ્યાએ મંદિરનું નિર્માણ કરવાની બાબત ભારતની લોકશાહી પર દાયકાઓ સુધી ધબ્બો રહેશે. વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ અને મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ સહિત દેશમાં ઘણી મસ્જિદોની સંખ્યા વધી રહી હોય, તેમ છતાં આ મસ્જિદોને પણ તોડી પાડવાનો ખતરો છે.નિવેદનમાં જણાવાયું છે કે, સુપ્રીમ કોર્ટે ૨૦૧૯માં મહત્વપૂર્ણ ચુકાદો આપી રામ મંદિર બનાવવાનો રસ્તો સાફ કર્યો. કોર્ટની પાંચ ન્યાયાધીશોની બેંચે કેન્દ્રને નિર્દેશ આપ્યો હતો કે, તે અયોધ્યામાં મસ્જિદ નિર્માણ માટે સુન્ની વકફ બોર્ડને પાંચ એકરની જમીન આપે. ભારતમાં હિંદુત્વની વધતી જતી વિચારધારા દેશની ધાર્મિક સૌહાર્દ અને પ્રાદેશિક શાંતિ માટે જોખમી છે. તેણે કહ્યું કે, બે મોટા રાજ્યો ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીઓએ બાબરી મસ્જિદ વિધ્વંસ અને રામ મંદિરના ઉદ્દઘાટનને પાકિસ્તાન પર કબજો કરવા તરફનું પ્રથમ પગલું ગણાવ્યું છે.

તેણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સમુદાયે ભારતમાં વધી રહેલા ઈસ્લામોફોબિયા અને હેટ સ્પીચની ઘટનાઓને ધ્યાનમાં લેવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોએ ભારતના ઈસ્લામિક હેરિટેજને બચાવવા પર ધ્યાન આપવું જોઈએ. પાકિસ્તાન ભારત સરકારને આહવાહન કરે છે કે, તેઓ મુસ્લિમ અને તેમના ધાર્મિક સ્થળો સહિત ધાર્મિક લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરે.

# મોરબી પંથકમાં ઠેર ઠેર ભગવાન રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી







**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી જીલ્લામાં પ્રભુ શ્રીરામની અયોધ્યા ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ખુશીમાં શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શોભાયાત્રા, મહાઆરતી મહાપ્રસાદ, અવનવી ભગવાન રામ તથા માતા સીતાની પ્રતિકૃતિવાળી રંગોળી, ગૃહ-પ્રવેશ જેવા અનેક ધાર્મિક કાર્યક્રમોના આયોજન કરી સહર્ષ ખુશી આનંદ ઉત્સાહ સાથે રામમય વાતાવરણ સર્જી ઉજવણી કરવામાં આવી હતી. મોરબી શહેરમાં હિન્દૂ સંગઠનો દ્વારા શોભાયાત્રા તેમજ કારસેવકોના સન્માન કાર્યક્રમો કરવામાં આવ્યા હતા જયારે અલગ અલગ સોસાયટી તથા વાડી વિસ્તારોના આગેવાની દ્વારા રાસ ગરબા, મહાઆરતી તથા મહાપ્રસાદનું આયોજન કરી ઉજવણી કરી હતી તથા રાજકીય સામાજિક આગેવાનો દ્વારા મીઠાઈનું વિતરણ તથા ધાર્મિક કર્યો કરવા શહેરના મુખ્ય માર્ગો ઉપર કેમ્પ રાખી રામનામની ઉજવણીની અભિવ્યક્તિ કરવામાં આવી હતી.

આ ઉપરાંત મોરબીમાં સર્વે હિન્દૂ સમાજ દ્વારા રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દરબાર ગઢથી નહેરૂગેટ ચોક સુધી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં હજારો લોકો ઉમટ્યા હતા.

આ શોભાયાત્રા નહેરૂગેટ ચોક ખાતે વિરામ પામી હતી. જ્યાં સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભગવાન શ્રી રામ ઉપરના ગીતો ગવાયા હતા. આ ઉપરાંત અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. સાથે મહાઆરતી પણ કરાઈ હતી. વધુમાં અહીં શક્તિ ચોક ગરબી મંડળની બાળાઓ દ્વારા ખાસ અંગારા રાસ લેવામાં આવ્યો હતો.

## રાજુલાના રામપરા વૃંદાવન બાગ ખાતે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે વિવિધ કાર્યક્રમ યોજાયા

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**



**રાજુલા:** આજે અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ બિરાજમાન થયાં છે ત્યારે દેશભરમાં આ મહોત્સવની લોકો આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા અને ઠેર-ઠેર ઉત્સાહભેર લોકોએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે ઉજવણી કરી છે ત્યારે રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે આવેલ વૃંદાવન બાગ ખાતે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ લઇ વિવિધ કાર્યક્રમ યોજાયા હતા જેમા સુંદરકાંડ શોભાયાત્રા,મહા આરતી,મહાપ્રસાદનુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ અને સુવાઇમા મંદિરથી ભવ્ય શોભાયાત્રા નિકળી વૃંદાવન બાગ પૂર્ણ થઈ હતી જેથી ખૂબજ લોકોમા આનંદ જોવા મળ્યો હતો આ શોભાયાત્રામા સમસ્ત રામપરા ગામના આગેવાનો તેમજ ગ્રામજનો જોડાયા હતા તેમજ વૃંદાવન બાગ ખાતે સુંદરકાંડ પાઠનુ આયોજન લાલાભાઇ બાધાભાઇ વાઘ(ગોલ્ડન કીંગ) દ્વારા કરાયું હતુ જેમા કથાકાર મનસુખ દાદા પુરોહિત રાભડાવાળા) અને શૈલેષ મહારાજ પુજારી દ્વારા સુંદરકાંડ પાઠ કરાવ્યાં હતા તેમજ વૃંદાવન બાગ ખાતે લાલભાઇ ડી. લાખણોત્રા પરીવાર દ્વારા બાવન ગજની ધ્વજા ચડાવવામા આવી હતી અને મહાઆરતીમા લોકો જોડાઇ દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ બાગના મહંતશ્રી રાજેન્દ્રદાસબાપુની આગેવાની હેઠળ કાર્યક્રમનુ આયોજન કરાઇ રહ્યુ છે ત્યારે સમગ્ર ગામ રામમય બન્યુ હતુ આ કાર્યક્રમમા પધારેલા આગેવાનોનુ મનસુખ દાદાએ સન્માન કર્યું હતુ.

## હળવદ બન્યું રામમય : શહેરમાં રામોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી

### એલઈડી સ્ક્રીન પર આયોધ્યાથી લાઈવ કાર્યક્રમ નિહાળવા માનવ મહેરામણ ઉમટી પડયું




**મુખ્ય સમાચાર, રમેશ ઠાકોર**

**હળવદ:** આજરોજ હળવદ ખાતે આવેલ રેલવે સ્ટેશન રોડ ખાતે શ્રી રામ મંદિર અયોધ્યા ના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ અન્વયે હળવદ ખાતે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો જેમાં હળવદ ખાતે આવેલ રેલવે સ્ટેશન રોડ પર મોટી એલ.ઇ.ડી સ્ક્રીન ગોઠવી અને અયોધ્યા થી લાઈવ કાર્યક્રમ હાજર સૌ ધર્મપ્રેમી લોકો એ નિહાળ્યો હતો સાથે સાથે હળવદ ગામ ના અને ગુજરાત ના નામાંકિત કલાકારો એવા જયમંતભાઈ દવે , હકાભા ગઢવી , જીવણભાઈ મકવાણા , સોનલબેન ગઢવી , જેનીબેન ચૌહાણ સહિત સાથી કલાકારો એ શ્રી રામ ભજન ની રમઝટ બોલાવી હાજર સૌ ને મંત્રમુગ્ધ કરી દીધા હતા આ કાર્યક્રમ માં લક્ષ્મીનારાયણ મંદિર ના મહંત દીપકદાસજી મહારાજ , સ્વામિનારાયણ મંદિર ના ભક્તિનંદન સ્વામી - મહેન્દ્ર બાપુ - બજરંગ બાપુ સહિત રાજકીય સામાજિક એજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ પ્રસંગે ૧૯૯૨ ની કારસેવા માં ગયેલ વસંતભાઈ ત્રિવેદી - બિપીનભાઈ દવે અને સ્વ.ધરમશીભાઈ દલવાડી ના ભત્રીજા અરજણભાઈ દલવાડી નું પાઘડી પહેરાવી સાલ અને હાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે હળવદ શહેર ના તમામ વહેપારી ઓ દ્વારા સ્વયંભૂ ગામ બંધ રાખી ને આ કાર્યક્રમ માં જોડાયા હતા અને હળવદ ના તમામ વર્ગ ના લોકો જોડાયા હતા અને હાજર સર્વે ધર્મપ્રેમી લોકો રામમય બન્યા હતા આ કાર્યક્રમ માં પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તેમજ તંત્ર નો પણ સહકાર પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા હળવદ ના રામ ભક્તો એ ભારે જહેમત ઉઠાવી હતી.


## ચોખંડામાં પશુ વધુ દૂધ આપે માટે લેવાતા પ્રતિબંધિત ઈન્જેક્શનોની ફેક્ટરી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ચોખંડામાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપની ટીમે દરોડો પાડી દુધાળા પશુઓ નિયમિત અને વધુ દુધ આપે માટે લેવાતા પ્રતિબંધિત ઇન્જેકશનો બનાવવાની મનાતી ફેકટરી પકડી પાડી પાડી કેમિકલો,ખાલી બોટલો,શંકાસ્પદ પ્રવાહી ઉપરાં પેકેજીંગ વસ્તુઓ વગેરે કબજે કરી એક શખસને સકંજામાં લઇ પુછપરછ સાથે તપાસ શરૂ કરી છે.દેવભૂમિ જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેયની સૂચના તથા માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ પી.સી.સિંગરખીયાના નેતૃત્વ હેઠળ પોલીસ ટુકડી ભાણવડ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. જે દરમ્યાન સ્ટાફના એએસઆઈ કાનાભાઈ માડમ તથા ભીખાભાઇ ગાગીયા સહિતની ટુકડીને હકીકત મળી હતી કે, ચોખંડા ગામે રહેતા કરશન નારણ ગોજીયા પોતાના કબ્જાના પશુ બાંધવાના વાડામાં ગેરકાયદે રીતે દુધાળા પશુઓ વધુ અને નિયમિત દૂધ આપે તે માટેના ઇન્જેક્શન બનાવવાની પ્રવૃત્તિ કરે છે.જે હકીકતના આધારે પોલીસે દોડી જઇ કરશન નારણ ગોજીયાને પકડી પાડી તપાસ હાથ ધરાતાં તપાસ દરમ્યાન તેના ભોગવટાના પશુ બાંધવાના વાડા (જગ્યા)માં પશુઓ વધુ અને નિયમિત દૂધ આપે તે માટે ગેરકાયદે ઉપયોગમાં લેવાતા ઇન્જેકશનો બનાવવામાં વપરાતા કેમિકલો તેમજ અન્ય પેકેજીંગનો મુદ્દામાલ,મોટી માત્રામાં ખાલી બોટલો તથા બજારમાં વેચાણ કરવા બનાવેલુ મનાતુ શંકાસ્પદ પ્રવાહી ભરેલ બોટલો વીગેરે મળી આવ્યા હતા. જે મુદ્દામાલ બાબતે પોલીસે ઉપરોક્ત શખસની પૂછપરછ કરતા આ શંકાસ્પદ કેમિકલો તથા પેક કરી અને બજારમાં વેચાણ કરતા હોવાની કબૂલાત આપી, જે બાબતે કોઈપણ જાતની નિષ્ણાંત હોવાનું પ્રમાણપત્ર કે મુદ્દામાલ બાબતે આધારપુરાવા રજૂ ન કરી શકતા ઉપરોક્ત આરોપી વિરુદ્ધ પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી અર્થે ભાણવડ પોલીસને સોંપી આપતા તપાસ આગળ ધપાવાઇ છે.

## નાગનાથ નાકા પાસે ખુલ્લી ગટરમાં ઉથલી પડેલા પ્રૌઢનું સારવારમાં મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના નાગનાથ નાકા પાસે આવેલી ખુલ્લી ગટરમાં એક પ્રૌઢ કોઈ રીતે ઉથલી પડ્યા હતા. તેઓને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે.જામનગરના નાગનાથ નાકા પાસે આવેલા મહેશ્વરી નગર નજીકની ખુલી ગટરમાં ઈન્દિરા કોલોનીની શેરી નં.રમાં રહેતા છગનભાઈ ભીખાભાઈ પરમાર નામના ૬૮ વર્ષના પ્રૌઢ કોઈ રીતે પડી ગયા હતા.તેની જાણ થતાં સ્થાનિક લોકો તથા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગયા હતા. આ વૃદ્ધને બહાર કાઢી સારવાર માટે ૧૦૮માં જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આ વૃદ્ધનું શનિવારે મૃત્યુ નિપજ્યું છે. પ્રવીણભાઈ મનજીભાઈ પરમારે પોલીસને જાણ કરી છે.

## વિક્ટર ગામે માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે ટ્રાફિક અવરનેસ સેમિનારનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના વિકટર ખાતે ત્રીઈક ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત વોકેશનલ સ્કીલ ટ્રેનીંગ ખાતે ટ્રાફિક અવેરનેસ સેમિનારનુ આયોજન કરી તાલીમાર્થીઓને ટ્રાફિક તેમજ માર્ગ સલામતીના નિયમો અંગે સમજણ આપવામાં આવી હતી અને આ સેમિનારમાં ખાસ અમરેલી જિલ્લા પોલીસ વિભાગમાંથી છઝઘ ઇન્સ્પેક્ટર વી એમ શાહ અને સબ ઇન્સ્પેક્ટર વી વી ગોહિલ દ્વારા ટ્રેનિંગ સેન્ટરના તાલીમાર્થીને માહિતગાર કર્યા હતા તેમજ GHCL સોલ્ટ વિભાગના સિનિયર જનરલ મેનેજર જે વી જોશી અને જનરલ મેનેજર અજિત કોટેચા અને સિનિયર મેનેજર આરીફભાઈ અને મહેન્દ્રભાઈ મજીઠીયા સહિત ત્રીઈક સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા ટ્રેનિંગ સેન્ટર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી

## દ્વારકામાં મકાનમાં જુગાર રમતા સાત મહિલા પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર દ્વારકા શહેરમાં પોતાના મકાનમાં જુગાર રમાડતા મહિલા ઝડપાયા છે. નાલ આપી ગંજીપાના કૂટતા અન્ય છ મહિલા સામે પણ ગુન્હો નોંધાયો છે. ગઢેચી ગામની સીમમાં તીનપત્તી રમતા એક મહિલા સહિત આઠ પકડાઈ ગયા છે.



દ્વારકા શહેરના બિરલા પ્લોટમાં એક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી દ્વારકા પોલીસે હેતલબેન મનિષભાઈ જટણીયા નામના મહિલાના મકાનમાં દરોડો પાડ્યો હતો. તે મહિલાને નાલ આપી ગંજીપાના વડે જુગાર રમતા સ્મિતાબેન ભરતભાઈ ચૌહાણ, જયોત્સનાબેન નવીન માવાણી, પૂજાબેન વિજયભાઈ માતકા, જાગૃતિબેન મનિષભાઈ જોષી, ગીતાબેન કરશનભાઈ દવે, કિરણબેન વિજયભાઈ રાજા નામના છ મહિલા મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂા.૨૫૫૦૦ કબજે કર્યા છે.

ભાણવડ શહેરના રામેશ્વર પ્લોટમાં જાહેરમાં તીનપત્તી રમતા હુસેન જુમાભાઈ સંઘી, મામદ હાસમ સંઘી નામના બે શખ્સને પોલીસે પકડી રૂા.૨૪૦૦ રોકડા કબજે લીધા હતા. ઓખામંડળના ગઢેચી ગામની કરંજ વાડી સીમમાં તીનપત્તી રમતા રમેશભા બાલાભા સુમણીયા, ભાયાભાઈ ઘેલાભાઈ મોવર, મનોજ તરૂણભાઈ ધોકાઈ, હુસેન મામદ સૈયદ, વિશાભા થોભણભા જગતીયા, બહાદુરભા સાજણભા માણેક, રાયસિંહ ખેંગારભા નાયાણી તથા સુનીતાબેન રાયસિંહ નાયાણી નામના આઠ વ્યક્તિને એલસીબીએ પકડી પાડી રૂા.૬૪૧૧૦ રોકડા, છ મોબાઈલ, છ બાઈક મળી કુલ રૂા.૩,૫૪,૧૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## મોરબીના કારસેવકે રામલલ્લા નીજ મંદિરમાં બિરાજયા બાદ જ મકાનનું વાસ્તુ કરી ગૃહ પ્રવેશ કર્યો

### મોરબીમાં ૧૨ વર્ષની ઉંમરે કારસેવામાં ગયેલા રાજુભાઈ દસાડિયાએ શુભ મૂર્હૂતમાં ગૃહ પ્રવેશ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**




વર્ષ ૧૯૯૨માં રામજન્મભૂમિ અયોધ્યા ખાતે કાર સેવા માટે દેશમાંથી લાખો રામ સૈનિકો પહોંચ્યા હતા જેમાં ૧૨ વર્ષની સૌથી નાની વયે કારસેવામાં ગયેલા મોરબીના રાજુભાઈ દશાડિયાએ મનોમન સંકલ્પ કર્યો હતો કે, પહેલા પ્રભુ શ્રીરામ નિજ મંદિરમાં બિરાજશે ત્યાર બાદ જ તેઓ પોતાના મકાનનું વાસ્તુકાર્ય કરી ગૃહ પ્રવેશ કરશે, જોગાનુજોગ અયોધ્યા ખાતે રામલલ્લા મંદિરમાં બિરાજમાન થયા છે અને આ સુવર્ણ ઘડીએ દશાડિયા પરિવારે પણ વાસ્તુકાર્ય કરી ગૃહપ્રવેશ કર્યો છે.

મોરબીના શનાળા રોડ હાઉસિંગ બોર્ડ સોસાયટીમાં એક ઘર એવું છે જ્યાં પ્રભુ શ્રી રામનું સ્વપન સાકાર થવાની સાથે દંપતીનું અનેરું સ્વપન પણ સાકાર થયું છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે જોડાયેલા રાજુભાઇ છોટાલાલ દસાડીયા અને તેમના પત્ની જાગૃતિબેનનો વિશેષ સંકલ્પ આજે પૂર્ણ થતાં તેઓ પોતાના આશ્રય સ્થાનમાં ગૃહપ્રવેશ કરવા શાસ્ત્રોક્ત વિધિ સાથે વાસ્તુકાર્ય યોજ્યું છે.

માત્ર ૧૨ વર્ષની નાની ઉંમરે કાર સેવા કરવા માટે અયોધ્યા ગયેલા રાજુભાઈ દશાડિયા કહે છે કે, ડિસેમ્બર ૧૯૯૨ના વર્ષમા રેલવે મારફતે તેઓ અયોધ્યા ગયેલા અને સતત ત્રણ દિવસ સુધી વિપરીત પરિસ્થિતિમા કારસેવા માટે દોડાદોડી કરી હતી. ભૂતકાળની યાદો તાજી કરતા તેઓ ઉમેરે છે કે, અયોધ્યામાં પરિસ્થિતિ તંગ બનતા હાથમાં ચપ્પલ લઈને લાઠીચાર્જ અને પોલીસ કાર્યવાહીથી બચવા જ્યા આશરો મળે ત્યાં દોડી જતા અને એક રાત્રી તો અયોધ્યાના સ્મશાનગૃહમાં વિતાવી હતી, સવાર પડતા જોયું તો અહીં સ્મશાન હોવાનો ખ્યાલ આવ્યો હોવાનું જણાવ્યું હતું.

વધુમાં શાખા વાળા રાજુભાઈથી મોરબીમાં જાણીતા આરએસએસના સ્વયં સેવક રાજુભાઇ છોટાલાલ દશાડીયાના ધર્મપત્ની જાગૃતિબેન પણ હાલમાં શિશુમંદિરમા આચાર્ય તરીકે સેવા આપી રહ્યા છે અને પતિદેવના દ્રઢ સંકલ્પને સાકાર કરવામાં તેમને પણ સહયોગ આપી આટલા વર્ષ સુધી ભાડાના કે પોતાના મકાનમાં રહેવા છતાં પ્રભુ શ્રી રામ અયોધ્યા ખાતે નિજ મંદિરમાં ન બિરાજે ત્યાં સુધી પોતાના ઘરના ઘરમાં વાસ્તુકાર્ય કરી નહિ વસવાટ કરે તે સંકલ્પને વળગી રહી આજે આ સંકલ્પ પરિપૂર્ણ થતા પોતાના ઘરના ઘરમાં ગૃહ પ્રવેશ કર્યાનું જણાવ્યું હતું.

## મોરબીના જેતપર ગામે પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી લેતા મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જેતપર ગામે પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા મોરબી તાલુકા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી બનાવ મામલે તપાસ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના જેતપર ગામે રહેતા મિતલબેન ખુમસીંગ ધાણક ઉ.વ.૨૦ ગત તા.૧૮/૧/૨૪ ના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યે પોતાના ઘરે કોઈપણ કારણોસર ઝેરી દવા પી જતા પ્રથમ સારવાર ઈઈઈ જેતપર લઈ વધુ સારવારમાં સ.હો.મોરબીમાં લાવતા પ્રાથમીક સારવાર આપી વધુ સારવારમાં રાજકોટ રીફર કરેલ ત્યારબાદ આજરોજ અત્રેની મોરબી સ.હો.માં ફરીથી સારવારમાં આવતા દાખલ કરેલ હતી જે ચાલુ સારવાર દરમ્યાન ગઈકાલ તા.૨૨/૧/૨૪ના મરણ ગયેલનુ ફરજ પરના ડોક્ટરે જાહેર કરતા તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી તપાસની તજવીજ હાથ ધરી છે. વધુમાં મિતલબેન ખુમસીંગ ધાણકનો લગ્નગાળો બે વર્ષનો હોય તેમજ સંતાન ન હોય ત્યારે સમગ્ર અપમૃત્યુ મામલે મોરબી નાયબ પોલીસ અધિકારી દ્વારા આગળની તપાસ શરુ કરી છે.

## જામનગરના દોઢીયા ગામ પાસેથી પોલીસે ડીઝલના જથ્થા સાથે પાંચની કરી અટક

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર તાલુકાના દોઢીયા ગામમાં ચાંપાબેરાજા તરફથી આવેલી બે બોલેરોમાં લઈ જવાતો ૪૫૦૦ લીટર ડીઝલનો જથ્થો પોલીસે કબજે કર્યો છે. આ જથ્થા સાથે પાંચ શખ્સની અટકાયત કરાઈ છે.જામનગર તાલુકાના દોઢીયા ગામ તરફ આવી રહેલી બે બોલેરોમાં ડીઝલનો શંકાસ્પદ જથ્થો હોવાની બાતમી સિક્કા પોલીસ સ્ટેશનના જીતેન્દ્ર પરમાર, બી.એમ. જાડેજા, જયપાલ મેર, કે.કે. જાડેજાને મળતા પીએસઆઈ આર.એચ. બારના વડપણ હેઠળ દોઢીયા ગામ પાસે પોલીસે વોચ રાખી હતી.

તે દરમિયાન જીજે-૩૬-વી ૫૮૬૦ તથા જીજે-૧૩-એએકસ ૧૨૫૬ નંબરની બે બોલેરો આવતા તેની તલાશી લેવાઈ હતી. તે વાહનોમાંથી ૪૫૦૦ લીટર ડીઝલ મળી આવ્યું હતું. તે જથ્થા અંગે જીપમાં જઈ રહેલા મૂળ બેડીના અને હાલમાં મિયાણા ગામમાં રહેતા આસિફ હુસેન, માજોઠી નગરવાળા રીયાઝ કરીમ લધાણી, માળીયા તાલુકાના વેજલપર ગામના અજય રમેશભાઈ ગડેશીયા તથા અબ્દુલ અનવર ભટ્ટી, માનસર ગામના નિકુલ જસુભાઈ બાવળીયા નામના પાંચ શખ્સની અટકાયત કરાઈ છે.અંદાજે રૂા.૪ લાખ ૫ હજારના ડીઝલ તેમજ રૂા.૮ લાખની બે જીપ, છ મોબાઈલ સહિત કુલ રૂા.૧૨ લાખ ૨૫ હજારનો મુદ્દામાલ કબજે કરી પોલીસે ડીઝલના જથ્થા અંગે પૂછપરછ હાથ ધરી છે.

## હળવદના મેરુપર ગામે હાર્ટ એટેકમાં આધેડનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના મેરુપર ગામના પાટિયા પાસે આવેલ હોટલમાં રહેતા પરપ્રાંતીય આધેડનું છાતીમાં દુખાવો ઉપડતા હાર્ટ એટેક આવી જતા મૃત્યુ નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના મેરુપર ગામના પાટિયા પાસે આવેલ મહાદેવ હોટલમાં રહેતા મૂળ રાજસ્થાનના સેલીબેરી(કોટડા)ના વતની ૪૫ વર્ષીય આધેડ બળવતસિંગ સરદારસિંગ ચૌહાણને ગઈકાલ તા.૨૨/૧ ના રોજ છાતીમાં અસહ્ય દુખાવો ઉપડતા મહાદેવ હોટલના કેમ્પાઉન્ડમાં જ તેઓને હૃદયરોગનો હુમલો આવી મોત નિપજતા હળવદ પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રભુશ્રી રામના રંગે રંગાયું રાજકોટઃ શહેરભરમાં રોશનીનો શણગાર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગઈકાલે અયોધ્યામાં ભગવાન શ્રીરામની મૂર્તિનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દિવ્યસભર વાતાવરણમાં યોજાયો હતો. અયોધ્યાની સાથે સમગ્રદેશમાં પણ ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ સર્જાયું હતું. રાજકોટમાં પણ દિવાળીનો માહોલ આ પ્રસંગે જોવા મળ્યો હતો. સમગ્ર શહેરમાં ધજાપત્તાકા, આકર્ષક રોશની સાથે ભગવાન શ્રીરામના મોટા બેનરો લગાવવામાં આવ્યા હતા. ગઈકાલે આખો દિવસ ઉત્સવને મનાવવામાં આવ્યો હતો. રાત્રીના શહેરભરમાં રોશનીનો શણગાર કરાયો હતો. નીંજમંદિરોમાં પણ ધુન–ભજનના આરતીના કાર્યક્રમ યોજાયા હતા. શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, પ્ર.નગર પોલીસ સ્ટેશન પાછળ ખાતેથી મંદિર પરિસરમાં રોશની અને શણગાર કરવામાં આવેલ છે. શ્રી રામ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગને અનુલક્ષીને આજે સોમવારે સાંજે ૭ કલાકે મહાઆરતી તથા દીપમાળા અને પરિસરમાં દીવડાઓનો શ્રૃંગાર કરવામાં આવશે.

## રાજકોટના સદ્દગુરુ બાલમંદિરના ભૂલકાઓ રામમય બન્યા




અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને દેશભરમાં રામમયી માહોલ છવાયો છે.ત્યારે રાજકોટના સદ્દગુરુ બાલમંદિરના નાના ભુલકાઓએ રામોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી.નાના ભુલકાંઓએ ભગવાન રામ, સીતા માતા, લક્ષ્મણ, હનુમાનજી, શબરી સહિતના પરિધાનમાં સજ્જ થઈને રામાયણના વિવિધ પ્રસંગોને તાદ્રશ્ય કર્યા હતાં. બાળકોએ વિવિધ રામ ભજનો પર ઝૂમીને ભગવાન રામ લલ્લાના અયોધ્યામાં ફરી આગમનને વધાવ્યું હતું.આ પ્રસંગે મહાત્મા ગાંધી ચેરીટ્રેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી હેલીબેન ત્રિવેદી અને સંસ્થાની વિવિધ સ્કૂલોના આચાર્યો ઉપસ્થિત રહીને બાળકોની રામ ભક્તિને વધાવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યા કૃપાલીબેન મકવાણાની આગેવાનીમાં સ્કૂલ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## રાજકોટમાં કરિયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ્સ અને યુકેની બીપીપી યુનિ. દ્વારા નોલેજ સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કરિયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ્સ અને યુકેની બીપીપી યુનિવર્સિટી દ્વારા રાજકોટમાં નોલેજ સેમિનારનું આયોજન કરાયુ છે. જેમાં બીપીપી યુનિવર્સિટીના પ્રતિનિધિ વડા તરંજિત સીંગ ઉપસ્થિત રહ્યા હતા. તરંજિત સીંગે કરિયર ક્રાફ્ટના સેન્ટર પર વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી ઉચ્ચ અભ્યાસ માટે તેમને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જે બાદ પત્રકાર પરિષદને સંબોધતા કેરિયર ક્રાફ્ટના ડાયરેક્ટર પિંકલ પટેલે જણાવ્યું હતું કે, બીપીપી યુનિવર્સિટી એ યુકે ની એક અગ્રણી યુનિવર્સિટી છે. તેમને આવકારતા ખૂબ આનંદ થાય છે. કેરિયર ક્રાફ્ટ આ સાથે સામજિક કાર્યોમાં પણ સંકળાયેલું છે. અમે કોરોના સમયમાં માતા પિતા ગુમાવનાર ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓના પૂરા અભ્યાસની જવાબદારી ઉપાડી છે. ભવિષ્યમાં પણ આવા વિદ્યાર્થીઓ ની મદદ માટે અમે સતત પ્રયત્નશીલ રહીશું.

પિંકલ પટેલે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૩ વર્ષથી હાજરો વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ભાગ્યને ઘડવામાં મદદ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

કરે છે. દેશભરમાં ૧૫ શાખાઓ અને VISA એપ્લિકેશન્સમાં ૨૫,૦૦૦+ સફળતા સાથે CCC વિદેશ અભ્યાસના વિશ્વસનીય ભાગીદાર તરીકે ઊભું છે. આ અનુભવ સાથે CCC પાસે છે એક્સપર્ટ કાઉન્સેલર, વિઝા અને ઇન્ટરવ્યૂ ડીપાર્ટમેન્ટ ની ટિમ જે વિદ્યાર્થીના સપનાને સાકાર કરવામાં યુનિવર્સિટી પસંદગીથી લઇને પ્રવેશ સહાય, સ્કોલરશીપ અને પોસ્ટ લેન્ડિંગ સપોર્ટ સુધી મદદ કરે છે.

યુકેમાં ઉચ્ચ શિક્ષણ સાથે ભવિષ્યને આગળ વધારવા વર્લ્ડની બેસ્ટ યુનિવર્સીટીમાં અભ્યાસનો મોકો મળે છે.જેમાં માસ્ટર કોર્સ ફક્ત ૧ વર્ષમાં પૂર્ણ કરીને બાદમાં ૨ વર્ષના PSW વિઝા માટે એપ્લાય કરી શકાઈ છે.ફક્ત રૂ.૧૩,૦૦,૦૦૦ની ફીથી પણ વિદ્યાર્થી એડમિશન લઇ શકે છો એ પણ IELTS/PTE વગર.

તો કરિયર ક્રાફ્ટ કન્સલ્ટન્ટ્સનો સંપર્ક કરીને તેમના નિષ્ણાત માર્ગદર્શનને તમારા શૈક્ષણિક સફળતાના માર્ગને પ્રકાશિત કરો તેમ પટેલે અંતમાં ઉમેર્યું હતું.

## આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકઃ૪૨ દરખાસ્તો મૂકાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડીંગ કમીટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે. બેઠ સમક્ષ કુલ ૪૨ દરખાસ્તો નિર્ણય માટે મૂકાઈ છે. ખાસ કરીને ગત સ્ટે.બેઠકમાં પેન્ડીંગ રખાયેલી પેટ્રોલ પંપ બનાવવાની જમીન વેંચાણથી આપવાની દરખાસ્ત તેમજ વોર્ડ નં.૫માં શાળા નં.૭૨નું નવું બાંધકામ કરવા અંગેની દરખાસ્ત નો સમાવેશ થાય છે. વધુમાં અમૃત મિશન-૨ અંતર્ગત વોર્ડ નં.૧માં રૈયાધારમાં હૈયાત ૫૬ એમએલડી પાસે ૨૩ એમએલડી સંતાનોનો નવો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની દરખાસ્ત મુખ્ય છે. સાથે અમૃત યોજના બે અંતર્ગત શહેરમાં નવા વિકાસલક્ષી પ્રોજેક્ટ અંગેની દરખાસ્ત પણ મૂકાઈ છે. વોટર વર્કસ શાખા માટે એક વોટર ટેન્કર ખરીદવા અંગે તેમજ એએનસીડી શાખા માટે ત્રણ નવા બોલેરો વાહન ખરીદવાની દરખાસ્ત પણ મૂકાઈ છે.

## રાજકોટમાં ભાજપ દ્વારા લોકસભા બેઠકનું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય વજુભાઈ વાળાના હસ્તે ખુલ્લુ મુકાયું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૈયા ટેલિફોન એક્સચેન્જ સામે રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું છે. આજે રાજકોટ લોકસભાના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, સાંસદ મોહન કુંડારિયા, રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, પ્રદેશ મહિલા ભાજપ અધ્યક્ષ દિપીકાબેન સરડવા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, રાજકોટ બેઠકના પ્રભારી આર.સી.ફળદુ સહીત ધારાસભ્યો પૂર્વ ધારાસભ્યો તેમજ શહેર જિલ્લા ભાજપના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગઈ કાલે અયોધ્યામાં રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ બાદ આજે ગુજરાત પ્રદેશ ભાજપ ફરી લોકસભા ચૂંટણીના કાર્યમાં સક્રિય બની ગયો છે. આજે રાજકોટ સહિત ગુજરાતની તમામ ૨૬ બેઠકોમાં મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયો શરૂ કરવામાં આવ્યા છે. ચૂંટણી કાર્યાલયના ઉદઘાટન કરવા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ગુજરાત આવી પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ તમામ ૨૬ લોકસભા બેઠક પર ઉમેદવાર પસંદગી નથી થવા પામી એ પહેલા ભાજપના નિશાન કમળને ઉમેદવાર બનાવી તમામ ૨૬ બેઠક પર ભાજપને ૫ લાખની જંગી લીડ સાથે જીતાડવાના નારા સાથે કાર્યાલય ખુલ્લા મૂકવામાં આવ્યા છે. આ સમયે કાર્યકર્તા સાચું બળ હોવાનું કહી વજુભાઇ વાળાએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં ૧માંથી ૧૫૬ સુધી પહોંચી ગયા છીએ અને હજુ વિકેટો પડવાની છે.

## રાજકોટ જિલ્લા જેલમાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

### જેલ અધિક્ષક શિવમ વર્મા, કર્મચારીઓ અને બંદીવાનભાઈઓ દ્વારા રામ ધુન, ભજન તેમજ જયશ્રીરામના નારા લગાવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**


રામ નગરી અયોધ્યામાં ૫૦૦ વર્ષ પછી આધ્યાત્મિક, ઐતિહાસીક, અલૌકીક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવતા ભવ્ય રામમંદીરમાં રાજાધિરાજ ભગવાન શ્રી રામચંદ્રજીની ગર્ભગૃહના અભિષેક અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૨/૦૧/૨૦૨૪ના રોજ યોજાયેલ. આ પાવન પર્વની સમગ્ર દેશ તથા વિશ્વમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહેલ છે. આ પાવન પર્વની ઉજવણીમાં રાજકોટ મધ્યસ્થ જેલના સર્વ ધર્મના તમામ બંદીવાન ભાઇઓ/બહેનોએ પણ ખુબ જ ઉત્સાહ અને હર્ષઉલ્લાસથી ભાગ લઇ આ પવિત્ર અવસરના ભાગીદાર થઇ જેલની અંદર એક સુંદર કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ આ પર્વની જેલ અધિક્ષકી શીવમ વર્મા(ઈંડજ) તથા ના.અધિક્ષકશ્રી બી.બી.પરમાર તથા કર્મચારીઓ તેમજ બંદીવાનો દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવેલ તથા જેલના બંદીવાન ભજન મંડળી દ્વારા રામ ધુન, ભજન તેમજ જય શ્રીરામનાં નારાથી સમગ્ર જેલ પ્રાંગણને ભક્તીમય કરેલ. આ કાર્યક્રમાં જેલના તમામ બંદીવાન ભાઇઓ તથા બહેનો દ્વારા શ્રીરામ ભગવાનના દર્શનનો લાભ લેવામાં આવેલ આ ઉપરાંત અયોધ્યા નગરીમાં ઉજવવામાં આવતા આ કાર્યક્રમનુ જેલના તમામ યાર્ડ/બેરેકમાં લાઇવ પ્રસારણ કરવામાં આવેલ. તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામા આવેલ. જેનો તમામ બંદીવાન ભાઇઓ/બહેનોએ લાભ લીધેલ હતો. આ પાવન પર્વ નિમિત્તે જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS) દ્વારા તમામ બંદીવાન ભાઇઓ/બહેનોને શુભેચ્છા પાઠવેલ હતી. આ કાર્યક્રમના સફળ આયોજન માટે સિનિયર જેલર તથા તેમની ટીમ દ્વારા ખાસ જહેમત ઉઠાવેલ હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જેલની શિસ્ત અને સલામતી જળવાઇ રહેલ હતી.

# ચોટીલામાં તસ્કરોનો તરખાટઃ એકીસાથે ચાર મકાનને નિશાન બનાવી રૂા.૫ લાખની મતાની ચોરી

મુખ્ય સમાચાર, રાજકોટ

ચોટીલામાં શિયાળાની ઠંડીમાં ગત રાત્રીમાં તસ્કરોએ કેટલાક સોસાયટી વિસ્તારનાં બંધ મકાનોનાં તાળા તોડી ઘમરોળ્યા હતા જેમાં ચિત્રકૂટ સોસાયટીમાં સોના ચાંદીનાં દાગીનાની ચોરી કરવામાં સફળ બન્યાનો બનાવ બનતા લોકોમાં તસ્કરોનો રંઝાડનો ફફડાટ ફેલાયો છે.

રવીવારની મોડી રાત્રીનાં ચોટીલાના શાસ્ત્રીનગર, હરિધામ, ઉમિયાનગર, ચિત્રકૂટ સોસાયટીમાં બંધ મકાનોનાં તાળા તુટયાનાં બનાવ બનેલ છે ચાર મકાનોનાં તાળા તુટયાં છે તસ્કરોએ આ ઘરોમાં પ્રવેશ કરી સર સામાન રફેદફે કરેલ છે જેમા ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા હસુભાઇ ભાનુભાઇ મહેતા રાજગોર (ગજાનંદ) લગ્ન પ્રસંગે બહારગામ હતા અને તેમનાં બંધ મકાનને અજાણ્યાં ચોર ઇસમોએ નિશાન બનાવી નકુચા તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરી કબાટ તોડી તેમા રહેલ પાચેક તોલા સોના ચાંદીના નાના મોટા દાગીનાં તેમજ ચાંદીનાં સિક્કાઓ મળી અંદાજે પાચ લાખ જેટલી રકમના ઘરેણાંની ચોરી કરી ગયેલ છે.



તસ્કરોની મોડસ ઓપરેન્ડી જોતા રોકાયેલ હોવાથી આગલા દિવસે બંદોબસ્તનો લાભ તસ્કર ટોળકીએ રીતે જૂદી જૂદી સોસાયટી વિસ્તારનાં જોતા બાઇક ઉપર હોવાનું અને એક પુરી રેકી કરી ફક્ત બંધ મકાનોને જ હોવાનું જણાય છે.

બંદોબસ્તમાં અને ટેકનીકલ અને હ્યુમન રીસોર્સને કામે લગાડી સઘન રહેલા અપુરતા તપાસ હાથ ધરેલ છે ત્યારે તસ્કરોની પધ્ધતી જોતા દિવસ ઉઠાવ્યો છે અને જે દરમ્યાન અવરજવર અને રાત્રીની અવર જવર ઉપર શહેરમાં મકાનો તુટયા છે તે અને હાઇવે ઉપર ગોઠવાયેલા કેમેરાનાં રેકોર્ડિંગ મહત્વનાં કરતા વધુ શખ્સોએ સાબિત થવાની શક્યતા હોવાનું પોલીસ સૂત્રો જણાવે છે. નિશાન બનાવ્યાં. જોકે અનેક ચોરીનાં ગુનાઓ વણ ઉકેલ છે ત્યારે સામાન્ય રાજગોર પરિવારની મરણ મૂડી ચોરી થતા પરિવાર ઉપર ચોરીની ઘટનાં અંગે પોલીસ ટીમ દ્વારા સીસીટીવી આભ તૂટી પડયું હોય તેવું બનેલ છે.

# સાવનસરફેસ સોસાયટીમાં વિવાદિત મહિલાએ શ્રીરામની રંગોળી વિખી નાખી ભાવીકોની લાગણી દુભાવી

## સોસાયટીના મહિલા મંડળ દ્વારા વિરોધ કરાતા મામલો પોલીસ મથકે પહોચ્યોઃ ઉલટુ વિવાદિત મહિલાએ ફરિયાદ કરવાની સોસાયટીના સભ્યોને આપી ધમકી

મુખ્ય સમાચાર રાજકોટ

દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે દુનિયાભરના લોકોના આસ્થાના પ્રતિક ભગવાન શ્રીરામના મંદિર નું અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠાનું મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ત્યારે દેશભરમાં ભગવાન શ્રીરામના ભક્તો દ્વારા આ ઉત્સવને આસ્થાભેર ઉજવવા દેશભરમાં ગઈકાલે વિવિધ સ્થળો એ મારા ઘેર શ્રીરામ પધાર્યા નો કાર્યક્રમ અને સોસાયટીમાં શ્રીરામની રંગોળી બનાવવામાં આવી હતી. રાજકોટમાં ગઈકાલે શ્રીરામના ભક્તોની લાગણી દુભાઈ તેઓ કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

જેમાં રાજકોટ શહેરના રૈયા રોડ પર ગાંધીગ્રામ-૨ (યુનિ)ની હદમાં આવેલ સાવનસરફેસ સોસાયટીમાં આ બનાવ બન્યો હતો. આ સોસાયટીમાં રહેતા રહીશો દ્વારા અયોધ્યામાં





ભગવાના શ્રીરામના મંદિરના પ્રાણપ્રતિષ્ઠાનો મહોત્સવની ઉજવણી પોતાની સોસાયટીમાં કરવાનું આયોજન કરાયું હતું. આ પાવન પ્રસંગે ભગવાન શ્રીરામ પધાર્યા હોય ત્યારે સોસાયટીમાં રંગેબેરંગી રંગોળીઓ બનાવી ઉજવણી આસ્થાભેર કરવામાં આવી રહી હતી. ત્યારે સોસાયટીના મહિલા મંડળ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આજ સોસાયટીમાં રહેતી રાજકોટ મહાનગરપાલીકાની ટીપી શાખામાં ગેરકાયદેસર કામોમાં સેટીંગ કરાવી દેવાના કામ કરતી મહિલા સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આ મહિલાએ સોસાયટીમાં બનાવવામાં આવેલી શ્રીરામ ભગવાનની રંગોળી વીખીં નાખી તમામ ભક્તોની લાગણી દુભાવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સોસાયટીનું મહિલાઓનું ટોળુ મોટી સંખ્યામાં તેના ફલેટમાં જઈ આવું અંધમકૃત્ય ન કરવા અને લોકોની લાગણી દુભાય હોય જેથી માફી માંગવાનું જણાતા ઉલટાનું આ મહિલાએ સોસાયટીના લોકો સામે ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી હતી. આ ઘટનાના પગલે સોસાયટીના સભ્યો દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા ગાંધીગ્રામ-૨ (યુનિ)પોલીસનો કાફલો દોડી ગયા હતા. અને આ મામલો પોલીસ મથકે પહોચ્યો હતો.

# રાજ બેંકના ડાયરેકટરનો પુત્ર અમેરિકાથી અમદાવાદ એરપોર્ટ પર આવતા ધરપકડ કરાઈ

## નોટબંધીના સમયે 30 બોગસ ખાતા ખોલી કાળા નાણાં ધોળા કરી છેતરપીંડી કરી હતી

મુખ્ય સમાચાર, રાજકોટ

નોટબંધી વખતે રાજકોટની રાજ બેંકમાં જુદા જુદા 30 ખાતા ખોલી ૧ કરોડથી વધુની રોકડ રકમ જમા કરાવી કાળા ધોળા કરવાના ચકચારી પ્રકરણમાં સાત વર્ષથી નાસતા ફરતાં રાજ બેંકના પૂર્વ ડાયરેકટરના પુત્ર અમદાવાદ એરપોર્ટ પર ઉતારતાની સાથે જ સીબીઆઈએ તેની ધરપકડ કરી રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ, રાજકોટ રહેતા અને છેલ્લા સાત વર્ષથી અમેરિકા નાસી ગયેલા રાજ બેંકના પૂર્વ ડાયરેકટરના પુત્ર ચંદ્રેશ ભાણજીભાઈ બોરસદીયા શનિવારે અમદાવાદ એરપોર્ટ પર ઉતારતાની સાથે જ ઈમીગ્રેશને સીબીઆઈને જાણ કરતાં આરોપીની ધરપકડ કરી રિમાન્ડ પર લેવાની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળ્યા પ્રમાણે નોટબંધી વખતે રાજ બેંકના પૂર્વ ડાયરેક્ટર ભાણજીભાઈ બોરસદીયાના પુત્ર ચંદ્રેશે કાળા ધોળા કરવા માટે રાજ બેંકમાં જુદા જુદા 30 ખાતામાં કરોડોની રકમ જમા કરાવી હતી. જે અંગે આવકવેરા વિભાગને જાણ થતાં સીબીઆઈને ફરિયાદ આપી તપાસ કરવા સુચના આપી હતી. સીબીઆઈ દ્વારા રાજ બેંકના સીસીટીવી ફુટેજ જપ્ત કરી તપાસ કરતાં બેંકના પૂર્વ ડાયરેકટરના પુત્ર ચંદ્રેશે જ કરોડોની રોકડ રકમ 30 જેટલા ખાતામાં જમા કરાવી હોવાનું બહાર આવ્યું હતું. જે અંગે ગુનો નોંધી વિદેશ નાસી ગયેલા ચંદ્રેશે બોરસદીયા સામે લુક આઉટ નોટિસ ઈસ્યુ કરવામાં આવી હતી. શનિવારે રાજબેંકના પૂર્વ ડાયરેકટરના પુત્ર અમેરિકાર્થી અમદાવાદ આવી રહ્યો હોવાની ઈમીગ્રેશને સીબીઆઈને જાણ કરતાં એરપોર્ટ પર ઉતારતી સાથે જ ચંદ્રેશની ધરપકડ કરી લેવામાં આવી છે અને સઘન પુછપરછ હાથ ધરી છે.

# શહેરના મોરબી રોડ પર વ્રજભૂમિ સોસાયટીમાં પારકા ઝઘડામાં છોડાવા વચ્ચે પડેલા નિર્દોષનો ભોગ લેવાયો

## ગાયના મુદ્દે પાડોસીઓ વચ્ચે ઢીંગાણું ખેલાયું નિર્દોષ રિક્ષા ચાલક પર હુમલો કરતા સારવારમાં મોતઃ બનાવ હત્યામાં પલટાયોઃ હુમલાખોર દંપતી સહિત ચાર શખ્સો પોલીસના સંકંજામાં





મુખ્ય સમાચાર રાજકોટ

મોરબી રોડ પર હડાળા ગામના પાટીયા પાસે આવેલ મોમાઈ હોટલ પાછળ વ્રજભૂમિ સોસાયટીમાં ગાય જાડવાને નુકશાન કરતી હોવાના મુ પાડોસીઓ વચ્ચે મારામારી થતા પારકા ઝગડામાં છોડાવા વચ્ચે પડેલા રીક્ષાચાલક પ્રૌઢનો ભોગ લેવાતા ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે પોલીસે હત્યાની કોશિષ, હત્યા અને મારામારીની સામસામે ફરિયાદ નોંધી બાવાજી દંપતી અને તેના બે પુત્રોને પોલીસે સંકજામાં લઈ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મોરબી હડાળા ગામના પાટીયા પાસે આવેલ વ્રજભૂમિ સોસાયટી બ્લોક નં.૧૦૪માં રહેતા લાખાભાઈ જીવરાજભાઈ પાટળીયા (ઉ.વ.૫૦)નામના કોળી પ્રૌઢે કુવાડવા રોડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે, તેની પાડોસમાં રહેતો પ્રવિણ નિરંજની, ચેંશ નિરંજની, ચિરાગ નિરંજની, મંજુ સહિતના ચાર શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઉપરોક્ત શખ્સોની ગાય ઝાડને નુક્સાન કરતી હોય જેથી લાખાભાઈ અને તેના પરિવારના સભ્યો સમજાવવા જતા ઉશ્કેરાઈ જઈ આ શખ્સોએ લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હૂમલો કરતા સાહેદ અનિલભાઈ, વિમલભાઈ, સરોજબેન મારમારતા હોય તે દરમિયાન મોરબી રોડ પર ગણેશ પાર્કમાં રહેતા વિનુભાઈ પોપટભાઈ ચાવડા નામના પ્રૌઢ ત્યાં રીક્ષા લઈ આવ્યા હોય અને પારકા ઝગડામાં છોડાવવા વચ્ચે પડતા આ ઉપરોક્ત શખ્સોએ તેના પર લોખંડના પાઈપ અને ધોકા વડે હૂમલો કરી ગંભીર ઈજા કરી હતી. જ્યારે આરોપી ચિરાગે પોતાની રીક્ષા લાખાભાઈ પર ચડાવી દઈ તેની મારી નાખવાનું પ્રયાસ ર્ક્યો હતો. આ બનાવ બાદ ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા સારવાર દરમિયાન વિનુભાઈ ચાવડાનું મોત નિપજતા બનાવ હત્યાં માં પલટાયો હતો.

જ્યારે સામા પક્ષે વ્રજભૂમિમાં રહેતી મંજુબેન પ્રવિણભાઈ નિરંજનીએ વળતી ફરિયાદ નોંધાવી છે કે, પાડોસી લાખા પાટડીયા તેનો પુત્ર અનિલ, વિમલ, સરોજ પાટળીયાએ ગાય બાબતે ઝગડો કરી ધોકા વડે હૂમલો કરી મારમારતા હોય તેમાં છોડાવા વચ્ચે પડતા મંજુબેન અને સલમાબેનને માથામાં ગંભીર ઈજા થતા સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની જાણ કુવાડવા રોડ પોલીસ મથકે કરવામાં આવતા પીઆઈ એલ.કે.જેઠવા પીએસઆઈ બી.ટી.અકબરી સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઈ મારામારીના બનાવમાં બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી હત્યાં અને હત્યાંની ગુનામાં પ્રવિણ તેની પત્ની મંજુ પુત્ર ચેંશ અને ચિરાગને સકંજામાં લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત થતાં પાંચ સ્થળોએ મારામારીના બનાવો બન્યા

## કટારીયા ચોકડી પાસે રંગોલી પાર્કમાં નામચીન બુટલેગર મોંઘીદાટ વિદેશી દારૂ સાથે ઝડપાયોઃજનાના હોસ્પિટલમાં સગર્ભામાનું સારવાર દરમિયાન મોત

મુખ્ય સમાચાર રાજકોટ

ગઈકાલે અયોધ્યામાં રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હોઈ અને રાજકોટમાં પણ ભાવીકો દ્વારા ઠેર-ઠેર મારા ઘરે શ્રીરામ પધાર્યા નો ઉત્સવ ઉજવામાં આવી રહયો હતો. તે દરમિયાન રાજકો શહેરમાં ઠેકઠેકાણે પોલીસનો ચાપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ સમયે પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હતી ત્યારે પાંચ સ્થળોએ શહેરમાં મારામારીના બનાવો બન્યા હતા.

જેમાં જમીન મકાનનો લે વેંચનો ધંધો કરતો આલાપ એકલેવ સોસાયટીમાં રહેતો દિવ્યેશ કેશુભાઈ ઓડેદરા નામનો યુવાન નાણાવટી ચોક પાસે હતો ત્યારે બે વર્ષ પહેલા થયેલા ઝગડાનો ખાર રાખી અક્ષરદીપ ડોડીયા તથા દિવું ઉર્ફે ટકો અને એક અજાણ્યા શખ્સે સમાધાન માટે બોલાવી છરી વડે હૂમલો કરી મારમારતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાય છે. જ્યારે એક અન્ય બનાવમાં લાખનના બંગલા પાસે ભારતીનગરમાં રહેતા અમીત રૂપાભાઈ સોહલા નામના ભરવાડ યુવાન પર જયુ સાંગડીયા, જીજ્ઞેશ, મયુર, ભાવેશ, રવિ સહિતના શખ્સોએ ઘર પાસે બે દિવસ પહેલા લગ્નમાં થયેલા બોલાચાલી નો ખાર રાખી લોખંડના પાઈપ અને હુમલો કરી અમીત, સાહેદ, પંકજ તથા રાજલબેનને મારમારી ઈજા કરી હતી. જ્યારે સામા પક્ષે ભાજપના કાર્યકર જય ગોવિંદ સાંગડીયાએ વળતી ફરિયાદ નોંધાવી છે કે રૂપા સોહલા, અમિત, પંકજ, કિશન સિંધવ, રાજલ તથા રિયા સહિતના શખ્સોએ બે દિવસ પહેલા થયેલા ઝગડાનો ખાર રાખી પાઈપ તથા ધોકા વડે હૂમલો કરી જય તથા સાહેદ રાધાબેનને મારમારી ઈજા કરતા સામસામે ફરિયાદ નોંધાઈ છે.

જ્યારે એક બનાવમાં આંબેડકરમાં રહેતો સિધ્ધાર્થ અજયભાઈ બાટા નામનો યુવાન ૧૫૦ રીંગ રોડ પર ખોડિયાર હોટલ પાસે બેઠો હતો ત્યારે સુરજ અનિલ ચૌહાણ નામનો શખ્સ ઓટો રીક્ષા નં.જીજે૩બીયુ૮૯૪૪ નંબરની બેફીકરાઈ ચલાવી નીકળતા તેને સમજાવતા આ શખ્સે ધીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે પુષ્કરધામ મેઈન રોડ પર મલુમંગલ સોસાયટીમાં રહેતો કિરીટભાઈ જેઠાભાઈ વાઢેર નામના પ્રૌઢને દેવનગરમાં રહેતો હિતેશ મુકેશ રાઠોડ નામનો શખ્સ ઘર પાસે ગાળો બોલતો હોય જેથી ના પાડતા આ શખ્સે પ્રૌઢને ધમકી આપી હતી.

જ્યારે ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલ ધરમેંનસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ સહદેસિંહ સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે રંગોલી પાર્ક ના કોર્ટરમાં રહેતો નામચીન બુટલેગર મેહુલ કેશુ હરીયાણી નામના શખ્સના મકાનમાં દરોડો પાડી મોંઘીદાટ વિદેશી દારૂની પાંચ બોટલ કિંમત રૂ.૧૨૫૦૦ી કબજે કરી બુટલેગર મેહુલની ધરપકડ કરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં માંડાડુંગર પાસે હરસિધ્ધી પાર્કમાં રહેતી રશ્મીબેન અનિલભાઈ ગોંડલીયા નામની સગર્ભાને ડિલીવરી માટે જનાના હોસ્પિટલમાં દાખલ કરવા બાદ તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો હતો.

# ચડ્ડી બનિયાનધારી ગેંગ સામે ડીસીબી પોલીસે ગુજસીટોકનું હથિયાર ઉગામ્યું

## દાહોદની આંતર રાજ્ય ગેંગએ લૂંટ, ચોરી જીવલેણ હુમલા હથિયાર સહિતના ૫૭ ગુના નોંધાયા હતાઃ પોલીસે ૧૦ શખ્સોને દબોચી જેલ હવાલે કરાયા'તા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ સહીત રાજ્યભરમાં સંગઠિત ટોળકી રચી ચોરી, લૂંટ, ધાડ, હત્યાની કોશિષ, આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓમાં સંડોવાયેલ દાહોદની ગેંગને ભોભીંતર કરી દેવાની સુચના અન્વયે રાજકોટ ડીસીબી પોલીસ મથકમાં આ ગેંગના દસ શખસો સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે આ ટોળકીએ ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં ૫૭ ગુનાઓને અંજામ આપ્યો હોવાનું અને હાલ તમામ આરોપીઓ જેલહવાલે હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ ડીસીબીના પીઆઈ બી ટી ગોહિલએ સંગઠિત ટોળકી રચી ગુનાઓને અંજામ આપતા દાહોદના ગરબાડાના અંબાલી ગામના ભરત ભાદરસિંગ પલાસ, આમલી ગામના લાલો ઉર્ફે લાલ ઉર્ફે સુભાષ ખુમસિંગ પલાસ, છપર ઉર્ફે છપરિયો હરુભાઈ પલાસ, બીલીયા ગામના રામસિંગ ઉર્ફે રાયસંગ મડિયા ઉર્ફે મળિયાભાઈ મોહનીયા, છરછોડાના રાજુ સવસિંગ બારીયા, આમલીનો કાજુ માવસિંગ પલાસ, જેસાવાડાના શૈલેશ ઉર્ફે શૈલો રતનસિંગ ઉર્ફે રત્ના કટારા, આમલીનો રાકેશે રાળિયાભાઈ પલાસ, ઉતાઈ ગામનો શૈલેશ જવસિંગભાઈ ડામોર અને છરછોડાના સુભાસ નવરીયાભાઈ ભાભોર વિરુદ્ધ ડીસીબી પોલીસ સ્ટેશનમાં જ ગુજરાત કંટ્રોલમ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ ૨૦૧૫ની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે આ ટોળકીએ ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં અને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૫૭ જેટલા ગંભીર ગુનાઓને અંજામ આપ્યાછે જેમાં ધાડ, લૂંટ, ચોરી, હત્યાની કોશિષ, ગેરકાયદે હથિયારો રાખવા, ફાયરીંગ કરવા, ધમકી આપવી, મકાન સળગાવી નાખવા, સહિતના ગુનાઓનો સમાવેશ થાય છે સતત આવા ગુનાઓ આચરતા હોવાથી પ્રજા ભયભીત રહેતી હોય તમામ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે તમામ આરોપીઓ હાલ જેલહવાલે હોવાનું ફરિયાદી પીઆઈગોહિલએ જણાવ્યું હતું.

# શહેરમાં વધુ ત્રણ વ્યક્તિને હાર્ટએટેક આવતા મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

આર્યનગરમાં મોબાઈલમાં વિડિયો જોતા બંગાળી યુવકને,યુનિવર્સિટી રોડ પર સૂતા બાદ પ્રૌઢને અને વાડીએ વૃદ્ધને હદય રોગનો હુમલો જીવલેણ સાબિત થયો હતો. પ્રથમ બનાવની વિગતો અનુસાર સંત કબીર રોડ આર્યનગર પાસે રત્નદિપ સોસાયટીમાં રૂમ રાખી ઈમીટેશન, ડાયમંડનું કામ કરતો મુળ ૫૧ મિ બંગાળનો છોટન નિતાઈ દોલાઈ (ઉ.૨૪) રાતે મિત્ર સાથે મોબાઇલ ફોન જોતી વખતે ઢળી પડતાં સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ દમ તોડી દીધો હતો. તે બે ભાઈ અને એક બહેનમાં નાનો અને કુંવારો હતો. બીજા બનાવમાં, યુનિવર્સિટી વિસ્તારમાં આવેલ પરિશ્રમ સોસાયટીમાં રહેતા ભુપતભાઈ બચુભાઈ જાદવ ઉ વ ૪૭ આજે સવારના ઘરે પોતાના રૂમમાં બેભાન હાલતમાં પડેલ હોય. જેને પરીવાર દ્વાર તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા હાજર પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ છે. અને ત્રીજા રીબડામાં હાર્ડવેરના કારખાનામાં કામ કરી ત્યા જ રહેતો મુળ બિહારનો ધનંજય અવતારરામ યાદવ (ઉ.૨૮) સાંજે કારખાને હતો ત્યારે છાતીમાં દબાણ થતાં અને પરસેવો વળવા માંડયા બાદ બેભાન થઈ જતાં રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ મોત નિપજ્યું હતું.જેથી રાજકોટમાં ત્રણ લોકોને હદય રોગનો હુમલો જીવલેણ સાબિત થયો છે.

# સામાકાંઠે સિલ્વર પાર્કમાં પુત્રવધુના ત્રાસથી કંટાળી વૃધ્ધાએ ફિનાઈલ પીધુ

## શ્રીરામ સોસાયટીમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના મોરબી રોડ પર આવેલા સિલ્વર પાર્કમાં રહેતા વૃધ્ધાએ પુત્રવધૂના ત્રાસથી કંટાળી જઈ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવની જાણ થતાં બીડીવીઝન પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી શરૂ કરી છે. વધુ વિગતો મુજબ સિલ્વર પાર્કમાં રહેતા જાનાબેન જીતુભાઈ કુંભારવાડીયા (આહીર) (ઉ.૬૦) સવારે પોતાના ઘરે હતા ત્યારે તેમના મોટા દિકરાના પત્ની મયુરીબેન સાથે પાડોશી સાથે વાત કરવા બાબતે માથાકુટ થઈ હતી અને તેમના ત્રાસથી કંટાળી જઈ ઘરમાં રહેલું ફિનાઈલ પી લેતાં તેમને બેશુધ્ધ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

જાનાબેનને સંતાનમાં બે દિકરા અને પાંચ દીકરી છે. પતિ સિક્યુરીટી ગાર્ડમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જાનાબેનને નાની મોટી વાતોમાં તેમના પુત્રવધૂ ત્રાસ આપતાં હોય જેથી તેઓએ કંટાળી જઈ આ પગલું ભરી લીધું હતું. બીજા બનાવમાં આરટીઓ ઓફિસની પાછળ આવેલી શ્રીરામ સોસાયટીમાં રહેતા જીતેન્દ્રભાઈ વિનોદભાઈ વઘેરા નામના ૩૭ વર્ષનો યુવાન ગઈકાલે બપોરના સમયે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. બનાવનું કારણ જાણવા બી ડીવીઝન પોલીસ મથકના સ્ટાફે તેમના પરિવારનું પુછપરછ કરવા તજવીજ હાથ ધરી છે. કુવાડવા રોડ પર આવેલા નવા ગામમાં રહેતા હિરા ગૌતમ નામના ૩૦ વર્ષિય યુવક પોતાના ઘરે હતો ત્યારે તેમના પાડોશી ઈશાબ નામના શખ્સે કોઈ ઝેરી પ્રવાસ પીવડાવી દેતાં તેમને બેભાન હાલતમાં અહિંની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હિરાભાઈને સંતાનમાં બે દિકરા તેમજ પોતે પાંચ ભાઈ બે બહેનમાં મોટા હોવાનું અને ફેબ્રીકેશનનું કામ કરતાં હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસે તપાસ કરતાં આરોપી પોતાના ઘરે હાજર ન હોય જેથી તેમની તપાસ શરૂ કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT